# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CM RAJKOT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે રાજકોટના પ્રવાસે છે. જ્યાં તેઓ મહાનગરપાલિકાનાં કુલ 793 કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ-ખાતમુર્હુતના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઇ રહ્યાં છે. તેમણે આજે રેસકોર્સ ખાતે નવા રિંગ રોડ પર સ્માર્ટ સિટીમાં બનેલા અટલ સ્માર્ટ સિટી સંકુલ સહિત 569 કરોડના 4 પ્રકલ્પોના ઉદ્ધાટન કર્યા હતા. રાજકોટના જશવંતપુરા ગામે ઉમિયા માતાજીના મંદિરનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે આ મંદિર ધર્મ સેવાની સાથેસાથે જનસેવાનું કેન્દ્ર બનશે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, સીએમ)

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી 569 કરોડ 19 લાખ રૂપિયાના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ તથા 224 કરોડ 26 લાખ રૂપિયાના જુદા જુદા 56 પ્રકલ્પોના ખાતમુહૂર્ત તેમજ રાજકોટ મનપા “પ્રધાનમંત્રી આવાસ યોજના” અંતર્ગત નિર્માણાધિન એક હજાર 10 આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના EWS-2 કેટેગરીના ખાલી 210 આવાસનો ડ્રો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરાશે.

## SAMARPAN COLLAGE WORKSHOP

ગાંધીનગર ખાતે સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો પ્રથમ સેમિનાર યોજાયો હતો..પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય ઇનોવેશન એટ ધ ઇન્ટરફેસ કેમેસ્ટ્રી, બાયોટેકનોલોજી એન્ડ બિયોન્ડ શિર્ષકહેઠળ આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઇ હતી. આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના લગભગ 380 ઉપરાંત વૈજ્ઞાનિકો, શિક્ષણવિદ્દો, અધ્યાપકો, સંશોધકો તેમજ

વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. મલેશિયા, ફ્લોરીડા (યુ.એસ.), તેમજ દેશના વિવિધ રાજ્યોમાંથી વિષયનિષ્ણાતોએ ઓનલાઈન તેમજ ઓફલાઇન વક્તવ્ય આપ્યું હતું.

અહીં રજૂ થયેલા રીસર્ચ પેપર્સનું જનરલ ઓફ એકેડેમિયા દ્વારા પ્રકાશન કરવામાં આવશે સમર્પણ પબ્લિક સ્કૂલના ડાયરેક્ટર ડો. રાજી ડેનિસે વધુમમાહિતી આપ આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ- ડો. રાજી ડેનિસ, ડાયરેક્ટર સમર્પણ પબ્લિક સ્કૂલ)

## VAVKULLI *-2* AWARD

ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-2ને દેશની સર્વશ્રેષ્ઠ "સુશાસન યુક્ત પંચાયત"નો એવોર્ડ એનાયત થયો છે. ગત 11 ડિસેમ્બરે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં ગુજરાત સરકારના એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર ડૉ. ગૌરવ દહિયા, ને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.દેશની 45 એવોર્ડ વિજેતા પંચાયતોને ડિજિટલ ટ્રાન્સફર દ્વારા કુલ ₹46 કરોડની રકમ એનાયત કરવામાં આવી હતી..ગુજરાત સહિત 27 રાજ્યોને દીન દયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એવોર્ડની શ્રેણીમાં સંયુક્ત રીતે 20 કરોડ 25 લાખ પ્રાપ્ત થયા છે.નોંધપાત્ર બાબત એ છે કે આ 45 એવોર્ડ વિજેતા પંચાયતોમાંથી 42% પંચાયતોનું નેતૃત્વ મહિલાઓના હાથમાં છે.

## UNJHA APMC ELECTION

એશિયાની સૌથી મોટી ઊંઝા એપીએમસી ની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. આ ચૂંટણી 16 મી ડિસેમ્બર ના રોજ યોજાશે. તેમજ 17 મી ડિસેમ્બર ના દિવસે પરિણામ જાહેર કરાશે.

આ ચૂંટણી માટે ખેડૂત વિભાગ ના 10 અને વેપારી વિભાગ ની 4 બેઠકો માટે ચૂંટણી યોજાશે.ખેડૂત વિભાગ ના 318 મતદારો અને વેપારી વિભાગ ના 834 મતદારો મતદાન કરશે વેપારી વિભાગ માં 16 ઉમેદવાર તો ખેડૂત વિભાગના 20 ઉમેદવારો ઉભા રહ્યા છે.

## Children's scientific exhibition

રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે "ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" અંતર્ગત બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું.

જેમાં ખોરાક, આરોગ્ય અને સફાઈ, પરિવહન અને સંચાર, પ્રાકૃતિક ખેતી, ગાણિતિક નમુના અને ગણનાત્મક ચિંતન, આપત્તિ વ્યવસ્થાપન, કચરાનું વ્યવસ્થાપન અને સંસાધન વ્યવસ્થાપન જેવા પાંચ વિભાગમાં દરેક વિભાગ દીઠ 14 કૃતિ મળી, કુલ પાંચ વિભાગમાં 70 કૃતિઓનું નિદર્શન કરાયું હતું.

આ સાથે જ બાળ વૈજ્ઞાનિકો, માર્ગદર્શક શિક્ષક અને શાળાને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર અને બાળ સ્વયંસેવકો અને વૈજ્ઞાનિકોને 21થી વધુ વસ્તુઓની શૈક્ષણિક કીટ એનાયત કરવામાં આવી હતી

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.